## બિલિંગ વિશે પ્રશ્નો છે? અમે મદદ કરવા માટે અહીં ઉપલબ્ધ છીએ.

**અમારો સંપર્ક કેવી રીતે કરવો:**

- તમારા MyGeisinger/MyChart એકાઉન્ટ દ્વારા બિલિંગ પ્રતિનિધિને સંદેશો મોકલો.
- અમને 800-640-4206 પર કૉલ કરો.

**અમારો સંપર્ક કરવાના કેટલાક કારણો:**

- બિલિંગ સ્ટેટમેન્ટને સમજવામાં મદદ માટે
- ચુકવણી કરવા માટે
- તમારા વીમાને અપડેટ કરવા અથવા બદલવા માટે
- તમારું મેઇલિંગ સરનામું અપડેટ કરવા માટે
- ચુકવણી વિકલ્પોની ચર્ચા કરવા માટે
- અમારા ઘણા સ્થળોમાંથી એક સ્થળ પર નાણાકીય સલાહકાર સાથે મીટિંગ શેડ્યૂલ કરવા માટે

**તમારો Geisinger તબીબી રેકોર્ડ**

અમે તમારા એકાઉન્ટને યોગ્ય રીતે ક્રેડિટ કરીએ છીએ તેની ખાતરી કરવા માટે, દર્દીનો Geisinger તબીબી રેકોર્ડ નંબર, બાંયધરી આપનાર નંબર અને જન્મ તારીખ પ્રદાન કરો. દરેક દર્દીનો એક અનન્ય તબીબી રેકોર્ડ નંબર અને બાંયધરી આપનાર નંબર હોય છે. (બાંયધરી આપનાર એ બિલ ભરવા માટે જવાબદાર વ્યક્તિ છે.) તમારા એકાઉન્ટની સ્થિતિ તપાસવા માટે પણ તમારે આમાંના એક નંબરની જરૂર પડશે. તમારા સ્ટેટમેન્ટના ટોચના ભાગ પર બંને નંબરો જુઓ.

**Geisinger સ્વીકારે છે:**

- વ્યક્તિગત ચેક, કેશિયર ચેક અથવા મની ઓર્ડર, *Geisinger Health* ને ચૂકવવાપાત્ર
- ડિસ્કવર, માસ્ટરકાર્ડ અને વિઝા ક્રેડિટ અથવા ડેબિટ કાર્ડ્સ
- Apple Pay અને Google Pay
- રોકડ (નિયુક્ત સ્થાનો પર)

## સારાંશ આપવા માટે:

- અમે સેવાઓ પહેલાં અંદાજો પ્રદાન કરી શકીએ છીએ.
- તમને વીમા કવરેજ મેળવવામાં મદદ કરવા માટે અમારી પાસે સંસાધનો છે.
- વ્યક્તિગત મદદ પૂરી પાડવા માટે નાણાકીય સલાહકારો ઘણા સ્થળોએ ઉપલબ્ધ છે.
- ચુકવણીની સમયસીમા સેવાની તારીખ પહેલાં અથવા સેવાની તારીખે સમાપ્ત થાય છે.
- અમારો નાણાકીય સહાય કાર્યક્રમ આવક અને કુટુંબમાં સભ્યની સંખ્યાના આધારે દર્દીઓને મદદ કરે છે.
- બિલિંગ વિશે વધુ માહિતી માટે geisinger.org ની મુલાકાત લો.

## કેવી રીતે ચુકવણી કરવી

**ઑનલાઇન:**

geisinger.org/billpay

geisinger.org/mygeisinger

**મેઇલ દ્વારા:**

Geisinger
P.O. Box 983154
Boston, MA 02298-3154

**ફોન દ્વારા:**

800-640-4206

**રૂબરૂ:**

કોઈપણ Geisinger સ્થાન પર

1708200-10/2024

# તમારા વીમા અને ચુકવણી વિકલ્પો

Geisinger

**આ બ્રોશર તમને Geisinger સેવાઓ માટે બિલિંગ અને ચુકવણી વિકલ્પોને વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે. પ્રશ્નો છે? દર્દી સેવા કૉલ સેન્ટરને 800-640-4206 પર કૉલ કરો.**

**અમને મદદ કરવામાં ખુશી થશે.**

## પૂર્વ-સેવા

Geisinger તમને સેવાઓ પ્રદાન કરવામાં આવે તે પહેલાં સંભાળનો ખર્ચ નક્કી કરવામાં મદદ કરી શકે છે. તમારી પાસે ચાર વિકલ્પો છે:

- MyGeisinger/MyChart માં લૉગ ઇન કરો અને મેનૂમાંથી "billing (બિલિંગ)" પછી "estimate (અંદાજ)" પસંદ કરો.
- 800-640-4206 ને કૉલ કરો.
- Geisinger.org ની મુલાકાત લો અને અમારા ઝડપી, મફત ટૂલને ઍક્સેસ કરવા માટે "તમે જે ટૂલ્સનો ઉપયોગ કરી શકો છો" જુઓ જે તમને તમારી ખર્ચ-વહેંચણીની જવાબદારીનો અંદાજ આપે છે.
- કોઈપણ Geisinger હોસ્પિટલ સુવિધામાં નાણાકીય સલાહકારને રૂબરૂ મળો.

### જો તમારી પાસે વીમો નથી, તો Geisinger વિશ્વસનીય સલાહકાર મદદ કરી શકે છે.

અમે Pennsylvania રાજ્ય આધારિત વીમા બજાર તેમજ Pennsylvaniaના તબીબી સહાયતા કાર્યક્રમ (Medical Assistance program) પર પ્રશિક્ષિત Pennie ની સહાયકોને પ્રમાણિત કર્યા છે. તમને આરોગ્યસંભાળ સેવાઓ મળે તે પહેલાં તેઓ તમને વીમો મેળવવામાં મદદ કરી શકે છે.

855-849-1510 ને Geisinger વિશ્વસનીય સલાહકાર સાથે વાત કરવા અથવા રૂબરૂ અપોઇન્મેન્ટ શેડ્યૂલ કરવા માટે કૉલ કરો. આ સેવા મફત છે.

જો તમારી પાસે વીમો નથી અને તમે સેવાઓ લેવાનું પસંદ કરો, તો ડિસ્કાઉન્ટ ઉપલબ્ધ હોઈ શકે છે. ઘણા કિસ્સાઓમાં, તમારે આ સેવાઓ માટે સમય પહેલાં ચુકવણી કરવી આવશ્યક છે. મદદ માટે નાણાકીય સલાહકારનો સંપર્ક કરો.

### એવી સેવાઓ કે જે આવરી લેવામાં આવી નથી

કેટલીક સેવાઓ વીમા દ્વારા આવરી લેવામાં આવતી નથી. તમને સેવાઓ મળે તે પહેલાં તમારા આરોગ્ય વીમા પ્રદાતા શું આવરી લે છે તે શોધવા માટે તમે જવાબદાર છો. તમે એવી સેવાઓ લેવાનું પસંદ કરી શકો છો કે જે આવરી લેવામાં આવી નથી. મદદ માટે નાણાકીય સલાહકારનો સંપર્ક કરો.

## વીમા બિલિંગ

### શું Geisinger ભાગ લે છે અથવા તે મારા વીમા સાથે નેટવર્કની અંદર છે?

Geisinger ઘણી વીમા યોજનાઓમાં ભાગ લે છે અને સૂચિ વધતી રહે છે. નવીનતમ સૂચિ માટે:

- Geisinger.org ની મુલાકાત લો અને 'સ્વીકૃત વીમા' માટે શોધો.
- 800-640-4206 ને કૉલ કરો.

જો તમારો વીમા Geisinger સાથે ભાગ લેતું નથી, તો અમે હજી પણ દાવો પૂર્ણ કરવામાં તમારી સહાય કરીશું.

- જો તમારી પાસે કોઈ આરોગ્ય જાળવણી સંસ્થા (Health Maintenance Organization, HMO) યોજના છે જે Geisinger ના નેટવર્કમાં ભાગ લેતી નથી, તો તમે એપોઇન્ટમેન્ટ શેડ્યૂલ કરી શકો તે પહેલાં નાણાકીય મંજૂરી અને અંદાજિત સમાયોજિત તબીબી ખર્ચની ચુકવણી જરૂરી છે.* વીમા પછી કોઈપણ બેલેન્સ માટે પણ તમે જવાબદાર છો. ભાગ લેનાર (નેટવર્કની-અંદરના) પ્રદાતાને શોધવા તમારા ખિસ્સા-બહારના ખર્ચને ઘટાડવામાં મદદ કરી શકે છે.
- જો તમારી પાસે કોઈ પસંદગીની પ્રદાતા સંસ્થા (Preferred Provider Organizations, PPO) યોજના છે જે Geisinger ના નેટવર્કમાં ભાગ લેતી નથી, તો તમે સહભાગી (નેટવર્કની-અંદરના) પ્રદાતા પાસે જવાના હો તેના ખર્ચ કરતાં વધારે ખર્ચ માટે જવાબદાર રહેશો.

** Medicaid નોંધણી કરાવનારાઓને જો તેમની વીમા કંપની પાસેથી પૂર્વ-મંજૂરી ન મળે તો તેમને તેમના નેટવર્કની અંદર જ કાળજી લેવા માટે સંદર્ભિત કરવામાં આવશે.*

### દાવાઓ દાખલ કરવામાં મદદ

અમે U.S.માં કોઈપણ વીમા યોજના, તેમજ Medicare અને Pennsylvania તબીબી સહાય (Pennsylvania Medical Assistance) માટે તમારા દાવાઓ દાખલ કરવામાં ખુશ છીએ. તમારી એપોઇન્ટમેન્ટ પર તમારી પાસે શું તૈયાર હોવું જોઈએ તે અહીં છે:

- તમારું વીમા કાર્ડ
- તમારી વીમા કંપની તરફથી કોઈપણ દાવા ફોર્મ
- તમારા એમ્પ્લોયર તરફથી કોઈપણ ફોર્મ

### મારી ચુકવણીની સમયસીમા ક્યારે સમાપ્ત થાય છે?

કેટલીક ચુકવણીની સમયસીમા તમને સંભાળ મળે તે પહેલાં અથવા તે સમયે સમાપ્ત છે. તમારા વીમા પ્રદાતા દ્વારા નિર્ધારિત કોઈપણ બાકી બેલેન્સ માટે અમે તમને બિલ આપીશું.

### ચુકવણી યોજનાઓ

જો તમે સમયસીમા સમાપ્ત થાય ત્યારે સંપૂર્ણ બાકી રકમ ચૂકવી શકતા નથી, તો તરત જ અમારો સંપર્ક કરો. અમારા નાણાકીય સલાહકારો ચુકવણી યોજનાઓ* અને અન્ય વિકલ્પોની ચર્ચા કરવામાં ખુશ થશે.

- MyGeisinger/MyChart માં લૉગ ઇન કરીને તમારી જાતે ચુકવણી યોજના સેટ કરો.
- અમને 800-640-4206 પર કૉલ કરો.
- નાણાકીય સલાહકાર સાથે રૂબરૂમાં વાત કરો.

**ચુકવણી યોજનાઓ $100 થી વધુ બેલેન્સ પર સ્થાપિત કરવામાં આવે છે.*

### નાણાકીય સહાય કાર્યક્રમ (Financial assistance program)

Geisinger એક નાણાકીય સહાય કાર્યક્રમ પ્રદાન કરે છે જે આવક માર્ગદર્શિકા અને કુટુંબમાં સભ્યની સંખ્યાના આધારે દર્દીઓને મદદ કરે છે.** વધુ જાણવા માટે:

- geisinger.org/patient-care/patients-and-visitors/billing-and-insurance/need-help ની મુલાકાત લો.
- 800-640-4206 ને કૉલ કરો.
- કોઈપણ Geisinger હોસ્પિટલ સુવિધામાં નાણાકીય સલાહકારને મળો.

***જોકે Geisingerનો નાણાકીય સહાય કાર્યક્રમ મોટાભાગની સેવાઓને આવરી લે છે, પરંતુ કેટલીક સેવાઓ બાકાત છે.*

### વધારાના બિલ

તમને Geisinger સિવાયના પ્રદાતાઓ અથવા સ્થાનો તરફથી એક અલગ બિલ પ્રાપ્ત થઈ શકે છે. તેમના ચુકવણી વિકલ્પો વિશે જાણવા માટે તે બિલ પર સંપર્ક માહિતીનો ઉપયોગ કરો.

## મુખ્ય શબ્દો

નીચે મુખ્ય શબ્દોની સૂચિ છે જે Geisinger ને બાકી નીકળતી રકમની વાત આવે ત્યારે તમારે પરિચિત હોવા જોઈએ.

**સહ-ચુકવણી** – જ્યારે પણ તમે ચિકિત્સકની મુલાકાત લો છો ત્યારે તમારે તમારા તબીબી બિલનો આ ભાગ ચૂકવવો પડશે. આ તમારા આરોગ્ય વીમા પ્રદાતા દ્વારા નિર્ધારિત પ્રીસેટ ફી છે અને તેની સમયસીમા સેવાની તારીખે સમાપ્ત થાય છે.

**કપાતપાત્ર** – તમારા આરોગ્ય વીમા પ્રદાતા ચુકવણી કરવાનું શરૂ કરે તે પહેલાં તમારે તબીબી સારવાર માટે આ રકમ ચૂકવવી આવશ્યક છે — ઉદાહરણ તરીકે, $1,000 પ્રતિ વ્યક્તિ અથવા $3,000 પ્રતિ કુટુંબ. મોટા ભાગના કિસ્સાઓમાં, નવી કપાતપાત્ર દર વર્ષે સંતોષવી આવશ્યક છે.

**સહ વીમો** – આ તમારા બિલનો ભાગ છે, જે ઘણીવાર સહ-ચુકવણી અને કપાતપાત્ર ઉપરાંત, જે તમારે ચૂકવવો પડશે. સહ વીમો સામાન્ય રીતે કુલ તબીબી બિલની ટકાવારી હોય છે — ઉદાહરણ તરીકે, 20%.

**તાત્કાલિક અથવા કટોકટીની સારવાર** – જ્યારે કોઈ ચિકિત્સક નક્કી કરે છે કે અપંગતા અથવા જીવન અથવા અંગના નુકસાનને ટાળવા માટે તાત્કાલિક સંભાળ જરૂરી છે ત્યારે કટોકટી ની સેવાઓ ને જરૂરી સેવા તરીકે વ્યાખ્યાયિત કરી શકાય છે.

**વૈકલ્પિક સંભાળ અને સેવાઓ** – વૈકલ્પિક સંભાળ એ તબીબી સંભાળ અથવા સેવાઓ છે જે શેડ્યૂલ કરી શકાય છે. જો તમારી સંભાળ તાત્કાલિક નથી અથવા કટોકટીની નથી, તો તમારે સેવા સમયે બિલના કેટલાક ભાગ માટે ચુકવણી કરવી આવશ્યક છે. જો તમે વૈકલ્પિક સંભાળ લેવાની યોજના બનાવી રહ્યા છો, તો તમારી તબીબી એપોઇન્ટમેન્ટ્સ શેડ્યૂલ કરો તે પહેલાં અમને કૉલ કરો. અમે તમારી સાથે ચુકવણીના વિકલ્પોની સમીક્ષા કરીશું.